॥ શ્રી શ્રિયે નમઃ ॥ ॥ શ્રીમતે રામાનુજાય નમઃ ॥
ધોરણ ૧૦ કે ૧૨ પાસ કે નાપાસ?
આજે જ અમારી મુલાકાત લો.
યુરોપમાં નોકરી મેળવવાની સુવર્ણ તક
મહીને ₹૮૫,૦૦૦ થી ₹૧,૨૫,૦૦૦ સુધી કમાવો
TIRUPATI IMMIGRATION INC.
305 - Vidhi Gold, Opp. Narayan Jewellers, Jetalpur Road, Alkapuri, Vadodara - 390020.
Ph : 97277 54716 / 22



પાન : ૪ કિંમત રૂા.૧.૦૦ તા. ૧૩ ઓગસ્ટ, ૨૦૨૫ બુધવાર
વડોદરાથી પ્રસિધ્ધ થતું દૈનિક
Page : 4 * Price : Rs. 1 * 13th August-2025, Wednesday * Year : 11 * Volume : 120 * Published From Vadodara. (Guj.)

# વડપ્રદ ટુડે

Vadprad Today

તંત્રીઃ ઉમેશ જયંતિલાલ જોબનપુત્રા વિક્રમ સંવત : ૨૦૮૧ માહે શ્રાવણ વદ-૪ વર્ષ : ૧૧, અંક : ૧૨૦
RNI No. GUJGUJ/2015/61903 * Web. www.vadpradtoday.com * Email : vadpradtoday@gmail.com * Mo. +91 79840 12696 VDR (E) 342/2020-2023



॥ શ્રી શ્રિયે નમઃ ॥ ॥ શ્રીમતે રામાનુજાય નમઃ ॥
અમેરિકાના Visitor Visa મેળવો
• વિઝા ના મળે તો અમારી FEES પરત
• With / Without Sponsor
AUSTRALIA UK CANADA EUROPE
ના વિઝિટર વિઝાના પ્રોસેસ માટે મળો.
અમારા દ્વારા મેળવેલ વિઝાની યાદી ઓફિસમાં રૂબરૂ પધારી જોઈ લેશો.
બીજા કન્સલટન્ટ પાસે વિઝા પ્રોસેસ કરાવતા પહેલા અમારી ઓફિસે પધારી ખાત્રી કરી લેશો.
TIRUPATI IMMIGRATION INC.
305 - Vidhi Gold, Opp. Narayan Jewellers, Jetalpur Road, Alkapuri, Vadodara - 390020.
Ph : 97277 54716 / 22


### ટ્રમ્પે એપ્રિલમાં ચીની માલ પર ટેરિફ વધારતા ચીને અમેરિકન આયાત પર ટેરિફ વધારી રેરઅર્થ મેગ્નેટના સપ્લાય પર પ્રતિબંધ મુક્યો હતો

# ચીનથી અમેરિકા ફફડ્યું : ૯૦ દિવસ માટે ટેરિફ મુલત્વી

વોશિંગ્ટન,તા.૧૨

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એકવાર પડોશી દેશ ચીન પર ટેરિફ લાદવા અંગે શંકાસ્પદ દેખાયા છે. તેમણે ચીન પર ટેરિફ માટે સમયમર્યાદા ફરીથી ૯૦ દિવસ માટે એટલે કે નવેમ્બર સુધી લંબાવી છે. આનાથી વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ વચ્ચેના વેપાર સંબંધો હાલ માટે સ્થિર થયા છે. આ બાબતથી પરિચિત વ્યક્તિના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રપતિ ટ્રમ્પે સોમવારે આ સંબંધિત આદેશ પર હસ્તાક્ષર કર્યા. જૂનો કરાર, જેના હેઠળ અમેરિકા અને ચીન એકબીજા પર ટેરિફ વધારો ઘટાડવા અને રેર અર્થ મેગ્નેટ સહિત કેટલીક અન્ય તકનીકો પર નિકાસ પ્રતિબંધો હળવા કરવા સંમત થયા હતા, તે મંગળવારે સમાપ્ત થઈ રહ્યો હતો. બંને પક્ષોના વાટાઘાટકારો ગયા મહિને સ્વીડનમાં સોદો ચાલુ રાખવા માટે પ્રારંભિક કરાર પર પહોંચ્યા હતા. ત્યારે રાષ્ટ્રપતિ ટ્રમ્પના સલાહકારોને આશા હતી કે તેઓ તેને મંજૂરી આપશે. જોકે, ટ્રમ્પે છેલ્લી ઘડીએ ઘણા ફેરફારો કર્યા છે. તેમની વિગતો હજુ સુધી ઉપલબ્ધ નથી. જો ટેરિફ લાદવાની સમયમર્યાદા લંબાવવામાં ન આવી હોત, તો ન્યુ યોર્કમાં મધ્યરાત્રિ પછી ચીની માલ પર યુએસ ટેરિફ ઓછામાં ઓછા ૫૪% વધી ગયો હોત. એપ્રિલની શરૂઆતમાં, જ્યારે ટ્રમ્પે વિશ્વભરના દેશો પર ટેરિફ લાદ્યો હતો, ત્યારે વોશિંગ્ટન અને બેઇજિંગ બંને ટેરિફ યુદ્ધમાં ફસાયેલા હતા. બંને દેશોએ એકબીજાની નિકાસ પર ભારે ટેરિફ લાદ્યો હતો, જે ત્રણ-અંકના સ્તરે પહોંચી ગયો હતો. જોકે, જીનીવામાં વાતચીત પછી, બંને દેશો ટેરિફને કામચલાઉ ધોરણે ઘટાડવા સંમત થયા હતા. આ પછી, બંને દેશોના અધિકારીઓ જૂનમાં લંડનમાં પણ મળ્યા હતા. આ સમયે આ વિસ્તરણથી અમેરિકા અને ચીન વચ્ચે વેપાર યુદ્ધની ચિંતા હાલમાં ઓછી થશે. આ વર્ષની શરૂઆતમાં બંને દેશો વચ્ચે તણાવ વધવાથી વૈશ્વિક બજારો હચમચી ગયા હતા. ટ્રમ્પના નવા આદેશથી હવે બંને દેશોને અન્ય વણઉકેલાયેલા મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે વધુ સમય મળશે. આ ઉપરાંત, આ પગલાથી રાષ્ટ્રપતિ ટ્રમ્પ માટે ઓક્ટોબરના અંતમાં શી જિનપિંગને મળવા માટે ચીનની મુલાકાત લેવાનો માર્ગ પણ સાફ થઈ ગયો છે. જો આગામી ૯૦ દિવસમાં કોઈ નક્કર ડીલ ન થાય, તો ટેરિફ દર ફરીથી વધી શકે છે, જેના કારણે વૈશ્વિક વેપારમાં મોટો ઘટાડો થઈ શકે છે. અમેરિકાના મુખ્ય વેપારી ભાગીદારો અને વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ આ વિવાદનો અંત લાવવા માટે મધ્યસ્થી કરવાનો પ્રયાસ કરી શકે છે. નિષ્ણાતો માને છે કે આ સમયમર્યાદા લંબાવવાનો નિર્ણય એક વ્યૂહાત્મક વિરામ છે, જે બંને દેશોને વાતચીત દ્વારા મુદ્દાઓ ઉકેલવાની તક આપશે, પરંતુ જો કોઈ કરાર ન થાય તો તે ટ્રેડ વોર ૨.૦ ની શરૂઆત થઈ શકે છે.

### કોર્પોરેશનના કર્મચારીઓ માટે ડ્રેસકોડ લાવવાનું આયોજન

## કોર્પોરેશનની મળેલી રિવ્યુ બેઠકમાં નગરજનોની પ્રાથમિક સુવિધા પર ભાર મુકતા મ્યુનિ. કમિશ્નર

(પ્રતિનિધિ) વડોદરા,તા.૧૨

વડોદરા કોર્પોરેશનમાં મંગળવારે રિવ્યુ બેઠક મળી હતી. આ બેઠકમાં નગરજનોને પુરતી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. અધિકારીઓને ફિલ્ડ ઉપર જઇ વણઉકેલ્યા પ્રશ્નોના નિવારણ લાવવા માટે મ્યુનિસિપલ કમિશનર અને સ્થાયી સમિતિના અધ્યક્ષે ભાર મૂક્યો હતો. આ બેઠકમાં આવનાર સમયમાં કર્મચારીઓ માટે ડ્રેસકોડ લાવવાની ચર્ચા -વિચારણા કરવામાં આવી હતી. મ્યુનિસિપલ કમિશનર અરૂણ મહેશ બાબુ અને સ્થાયી સમિતિના અધ્યક્ષ ડો. શીતલ મિસ્ત્રીના અધ્યક્ષ સ્થાને મળેલી રીવ્યુ બેઠકમાં પાણી, ડ્રેનેજ, રસ્તા, સફાઇ સહિતના પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં તાજેતરમાં કારેલીબાગ વિસ્તારમાં પાણીની સર્જાયેલી સમસ્યાનું પુનરાવર્તન ના થાય તે માટે ખાસ ધ્યાન રાખવા સંબંધિત વિભાગને સુચના આપવામાં આવી હતી. આ રીવ્યુ બેઠક અંગે મ્યુનિસિપલ કમિશનર અરૂણ મહેશ બાબુએ જણાવ્યું હતું કે, રીવ્યુ બેઠકમાં નગરજનોને સરળતાથી પ્રાથમિક સુવિધાઓ મળી રહે તેવા આયોજન પાલિકા દ્વારા કરવામાં આવશે. બગીચાઓની સફાઇ અને ગંદકી કરનારાઓ પાસેથી વધુ દંડ વસુલ કરવામાં આવશે. પાણી અંગે ઉમેર્યું કે, પાલિકા દ્વારા ૩-૪ એમએલડી પાણી એક-બે દિવસમાં મળે તેવું આયોજન કરવામાં આવ્યું છે અને આગામી ટૂંક સમયમાં ૧૦ એમએલડી વધુ પાણી મળે તે રીતનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત પાર્કિંગ સમસ્યા અને હોકીગ નોનહોકીગ ઝોન પોલિસી અમલમાં લાવવા ઉપર કામગીરી કરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં કોર્પોરેશનના કર્મચારીઓ માટે ડ્રેસકોડ લાવવાનું આયોજન કરવામાં આવશે. સ્થાયી સમિતિના અધ્યક્ષ ડો. શીતલ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, દશામાં વિસર્જન માટે બનાવવામાં આવેલા કુત્રિમ તળાવોની સફાઇ કરવામાં આવશે. જેથી આ તળાવો આગામી ગણેશ વિસર્જનમાં ઉપયોગી બનશે. શહેરના રસ્તાઓ ઉપર સર્ફેસીગની કામગીરી શરૂ કરવામાં આવશે. શહેરના લોકોને કોઇ મુશ્કેલી ના પડે તે રીતે અધિકારીઓને સુચના આપવામાં આવી છે.

## જસ્ટિસ યશવંત વર્મા સામે મહાભિયોગનો પ્રસ્તાવ મંજૂર : ત્રણ સભ્યોની કમિટી બનાવાઇ

નવી દિલ્હી,તા.૧૨

દિલ્હી હાઇકોર્ટના પૂર્વ જજ જસ્ટિસ યશવંત વર્મા વિરૂદ્ધ કેશકાંડમાં મોટું પગલું ભરવામાં આવ્યું છે. લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ જસ્ટિસ વર્મા વિરૂદ્ધની ફરિયાદને ગંભીર માનીને આ મામલાની તપાસ માટે ત્રણ સભ્યોની કમિટી બનાવવાની જાહેરાત કરી છે. સ્પીકર ઓમ બિરલાએ જણાવ્યું કે, ભારતના તત્કાલીન ચીફ જસ્ટિસના મતે આ મામલે ઊંડાણપૂર્વક તપાસ જરૂરી છે. સાથે જ, ફરિયાદની પ્રકૃતિને જોતાં નિયમો અનુસાર પદ પરથી હટાવવાની પ્રક્રિયા પણ શરુ કરવાની જરૂર છે. આ પ્રસ્તાવને યોગ્ય માનીને મેં તેને મંજૂરી આપી છે અને મહાભિયોગની વિનંતી પર સમિતિ બનાવી છે. આ સમિતિમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ અરવિંદ કુમાર, મદ્રાસ હાઇકોર્ટના જસ્ટિસ મનિન્દર મોહન શ્રીવાસ્તવ અને કર્ણાટક ઉચ્ચ ન્યાયાલયના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ અને વરિષ્ઠ કાયદાશાસ્ત્રી બી. વી. આચાર્ય એમ ત્રણ વરિષ્ઠ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### સુપ્રીમ કોર્ટમાં સરકાર અને વાલીઓની જીત

## એફઆરસીએ નક્કી કરેલી ફીથી વધુ રકમ શાળાઓ ના લઇ શકે તેવો સુપ્રીમ કોર્ટનો વચગાળાનો હુકમ

(પ્રતિનિધિ) વડોદરા,તા.૧૨

સુપ્રીમ કોર્ટના ૨૯ જુલાઈના આદેશ અનુસાર, કોઈપણ શાળા ફી ફિક્સેશન કમિટી દ્વારા નક્કી કરેલી રકમ કરતાં વધુ વસૂલ કરી શકશે નહીં. આ આદેશ અગાઉના તમામ આદેશોને બદલતો છે અને અંતિમ ચુકાદા સુધી અમલમાં રહેશે. એફઆરસી સમિતિના હુકમના આધારે વાલીઓ દ્વારા વધારે રકમની ચુકવણી થયેલ છે તે અંગે માર્ગદર્શન માટે વાલીઓ માટે બુધવારે કમાટીબાગ બેન્ડ સ્ટેન્ડ ખાતે સાંજે સાડા છ વાગે એક મહત્વની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે વડોદરા પેરેન્ટસ એસોસીએશનના કિશોર પિલ્લાઇએ ટેલિફોનીક વાતચીતમાં જણાવ્યું હતું કે, શિક્ષણ ફી અને ટર્મ ફી વિશે ગુજરાત હાઇકોર્ટ દ્વારા કરવામાં આવેલા હુકમમાં ખોટું અર્થઘટન કરવામાં આવ્યું હતું અને ટર્મ ફીના નામે શાળા સંચાલકો વધુ ફી વસુલ કરતા હતા. જેને લઇ રાજ્ય સરકારે હાઇકોર્ટના હુકમ સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી જેની સુનાવણીને અંતે સુપ્રીમ કોર્ટ દ્વારા હાઇકોર્ટના હુકમને ફગાવી શાળા સંચાલકો એફઆરસી દ્વારા નક્કી કરવામાં આવેલી મહત્તમ ફી સિવાય વધારે ફી ના વસુલી શકે તેવો

**વાલીઓ પાસેથી વસુલેલા નાણાં શાળાઓએ પરત કરવા પડશે : વાલીઓને માર્ગદર્શન આપવા વીપીએ દ્વારા આજે મિટિંગ બોલાવાઇ**

વચગાળાનો હુકમ કર્યો છે અને વાલીઓએ જમા કરાવેલા નાણાં તેમને પરત મળી શકે છે. આ તમામ વિગતો અને અદાલતનો શું હુકમ છે, વાલીઓને કેટલા નાણાં પરત મળી શકે છે આ તમામ બાબતની જાણકારી અને વિગતો આ મિટિંગમાં આપવામાં આવશે.

### પારૂલ યુનિવર્સિટી દ્વારા ચાર દિવસ રાષ્ટ્રિય નાટ્ય મહોત્સવ યોજાશે

## નાટક એ સંસ્કૃતિ, ઈતિહાસ અને ભાવનાત્મકતાનો પરિચય કરાવતો મહત્વનો પ્રયોગ છે : મનોજ જોષી

(પ્રતિનિધિ) વડોદરા,તા.૧૨




પારૂલ યુનિવર્સિટી ખાતે આગામી ૧૯થી ૨૨ ઓગસ્ટ દરમિ/યાન યોજાનાર રાષ્ટ્રિય નાટ્ય મહોત્સવને અનુલક્ષી વડોદરાની મુલાકાતે આવેલા પ્રસિધ્ધ અભિનેતા પદ્મશ્રી મનોજ જોષીએ કહ્યું હતું કે નાટક એ સંસ્કૃતિ, ઇતિહાસ અને ભાવનાત્મકતાને રજૂ કરતો સુંદર પ્રયોગ છે. ચાણક્ય નાટક તેઓ છેલ્લા ૩૬ વર્ષથી દેશના ખૂણે ખૂણે ભજવી રહ્યા છે. ચાણક્ય એ ત્રીજા વ્યક્તિ હતા જેમણે દેશને એકીકરણ કરવાનું મહત્વનું કામ કર્યું હતું. આ નાટક ભજવવાને કારણે મારા જીવનમાં પણ ઘણાં ફેરફાર આવ્યા, એકના એક સંવાદ બોલી હું કંટાળ્યો નથી, પણ તેમાં આજે પણ કેટલાક ફેરફાર કરતો રહ્યો છું. માણસે સ્વાર્થી ના બનવું જોઇએ, પણ રાષ્ટ્ર માટે કંઇક કરી છુટવાની ભાવના રાખવી જોઇએ. ભાષા વિવાદ અંગે તેમણે કહ્યું હતું કે દરેક રાજ્યની અલગ અલગ ભાષા છે, તેને મહત્વ મળવું જોઇએ. ચાણક્ય નાટક ૨૨મીએ સમાપન સમારંભમાં ભજવાશે. સંસ્કારી નગરી વડોદરા તથા સમગ્ર ભારતના કલાકારો અને નાટ્યકારોને તેમની પ્રતિભા રજૂ કરવા એક મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડવાના ઉદ્દેશ્યથી પારૂલ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ દ્વારા ચાર-દિવસીય વાઇબ્રન્ટ આર્ટ ફેસ્ટિવલ વડોદરા રાષ્ટ્રીય નાટ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ નાટ્ય મહોત્સવનો હેતુ કલાત્મક અભિવ્યક્તિના પ્રમુખ સ્વરૂપ પૈકીના એક નાટકના સંવર્ધન, પ્રોત્સાહન અને તેને પુનર્જીવિત કરવાનો છે, જે શહેરની સંસ્કૃતિ અને મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાના દૂરંદેશી દ્રષ્ટિકોણનું પ્રતીક છે. તેમણે થિયેટર અને પર્ફોર્મિંગ આર્ટ્સને સમૃદ્ધ સમાજના મુખ્ય સ્તંભો પૈકીના એક બનાવવાનો હંમેશા પ્રયાસ કર્યો હતો. આ

**મનોજ જોષી, શેખર સુમન, ગિતિકા ત્યાગી, રાકેશ બેદી, રાજેન્દ્ર ગુપ્તા અને હિમાની શિવપુરી વડોદરાના મહેમાન બનશે**

કાર્યક્રમનું ઉદ્ઘાટન વરિષ્ઠ અભિનેતા અને પ્રસિદ્ધ થિયેટર કલાકાર પદ્મશ્રી મનોજ જોશી કરશે. તેમની સફળ કારકિર્દી અને રંગમંચ માટેનો પ્રેમ આ કાર્યક્રમ સાથેના તેમના જોડાણનું યોગ્ય પ્રતિનિધિત્વ છે. ચાણક્ય નાટકમાં તેમની જબરદસ્ત ભૂમિકા માટે પ્રસિદ્ધિ મેળવનારા મનોજ જોશીની ઉપસ્થિતિ ભારતના સાંસ્કૃતિક અને કલાત્મક વારસાનું સન્માન કરશે તેમજ ઉભરતાં કલાકારોને પ્રેરણા આપશે. આ ચાર-દિવસીય ફેસ્ટિવલમાં ચાણક્ય, એક મુલાકાત, મસાજ અને જીના ઇસી કા નામ હૈ સહિત ૮ રસપ્રદ નાટકોની પ્રસ્તુતી કરવામાં આવશે. મનોજ જોશી (ચાણક્ય), શેખર સુમન અને ગિતીકા ત્યાગી (એક મુલાકાત), રાકેશ બેદી (મસાજ) તથા રાજેન્દ્ર ગુપ્તા અને હિમાની શિવપુરી (જીના ઇસી કા નામ હૈ) જેવાં લોકપ્રિય થિયેટર કલાકારોની સાથે અન્ય રજૂઆતો કલા, વાર્તા અને રચનાત્મકતાને ખરા અર્થમાં દર્શાવશે. પારૂલ યુનિવર્સિટીના વાઇસ પ્રેસિડેન્ટ ડો. પારૂલ પટેલે જણાવ્યું હતું કે, વડોદરા રાષ્ટ્રીય નાટ્ય મહોત્સવ મહારાજા અને તેમના વિઝનને શ્રદ્ધાંજલી આપવાની સાથે-સાથે કલાકારોની આગામી પેઢીને કલાના આ સ્વરૂપને અપનાવવા માટે પ્રેરિત પણ કરે છે. પારૂલ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ મ્યુઝિક, ડાન્સ અને થિયેટરમાં ફુલટાઇમ ડિગ્રી તથા ડ્યુઅલ ડિગ્રી ઓફર કરે છે. તા. ૧૯થી ૨૨ ઓગસ્ટ સુધી નાટ્ય મહોત્સવ યોજાશે. જેને વડોદરાના કલાપ્રેમીઓ પારૂલ યુનિવર્સિટી ખાતે માણી શકશે.

## ભાડભૂત બેરેજ યોજનાની જૂની સંપાદન પ્રક્રિયા હાઈકોર્ટે દ્વારા રદ થતા ખેડૂતોમાં આનંદની લાગણી

(પ્રતિનિધિ) ભરૂચ,તા.૧૨

ભાડભૂત બેરેજ યોજનાને લઈને થયેલી જૂની જમીન સંપાદન પક્રિયાને લઈને ખેડૂતોએ વિરોધ ઉઠાવ્યો હતો. ખેડૂતોએ જૂની જમીન સંપાદન પક્રિયાને લઈને હાઈકોર્ટમાં જતાં કોર્ટે જૂની જમીન સંપાદન પ્રક્રિયા રદ કરવાનો હુકમ કરતાં ખેડૂતો હરખાયાં છે. કોર્ટના હુકમ બાદ હવે નવેસરથી જમીન સંપાદનની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જેમાં નવા બજાર-જંત્રી ભાવ મુજબ ખેડૂતોને વળતર મળશે. ઓગષ્ટ મહિનાના અંત સુધીમાં જમીન સંપાદનની નવી પ્રક્રિયાના ભાગરૂપે પહેલું જાહેરનામું બહાર પાડવામાં આવે તેવી શક્યતાઓ છે. કલ્પસર વિભાગ દ્વારા આકાર લઈ રહેલી ભાડભૂત બેરેજ યોજના પહેલેથી જ વિવાદોમાં રહી હતી. પહેલાં માછીમારો અને બાદમાં જમીનના માલિકો દ્વારા જમીન સંપાદનનો વિરોધ કરવામાં આવી

**ઓગષ્ટ મહિનાના અંત સુધીમાં નવી સંપાદન પ્રક્રિયા માટે જાહેરનામુ પડવાની શક્યતાં**

રહ્યો હતો. દરમિયાનમાં વર્ષ ૨૦૨૨-૨૩ માં વહિવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી જમીન સંપાદનની પ્રક્રિયામાં વર્ષ ૨૦૧૧નો જંત્રીનો ભાવ આધાર માટે લેવામાં આવ્યો હતો. જેને લઈને ખેડૂતોમાં ભારે રોષ ફેલાતાં તેમણે તેનો વિરોધ કર્યો હતો. વળતર રૂપે તેમને ૧ ફૂટના ૪૮ પૈસાથી ૭૫ પૈસા જેવી રકમ જાહેર કરવામાં આવી હતી. જેથી ખેડૂતોએ કોર્ટમાં ઘા કરતાં અદાલતે તમામ પાસાઓને ધ્યાનમાં રાખી ખેડૂતોના તરફેણમાં ચૂકાદો આપ્યો હતો. તેમજ જૂની જમીન સંપાદનની પ્રક્રિયામાં ક્ષતિઓ હોવાનું પણ ટાંક્યું હતુ. કોર્ટના આદેશ બાદ હવે નવેસરથી જમીન સંપાદનની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. જેમાં તબક્કાવાર જાહેરનામાઓ પ્રકાશિત કરવા સાથે નવા બજાર ભાવ પ્રમાણે જમીનના વળતરની કિંમત નક્કી કરવામાં આવશે. અને તે પ્રમાણે ખેડૂતોને વળતર ચૂકવવામાં આવશે. કોર્ટ દ્વારા ખેડૂત તરફે કરાવેલાં નિર્ણયથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

## ભરૂચ જિલ્લાની આંગણવાડી બહેનોને અશ્લિલ વિડિયો કોલ કરનાર શખ્સ પંજાબથી ઝડપાયો

(પ્રતિનિધિ) ભરૂચ,તા.૧૨

ભરૂચ જિલ્લામાં ફરજ બજાવતી ૫૦થી વધુ આંગણવાડી બહેનોના સરકારી મોબાઈલ નંબર પર અજાણ્યા શખ્સ દ્વારા ન્યૂડ વિડીયોકોલ કરી પરેશાન કરવામાં આવતા હોવાની ફરિયાદ ઉઠી હતી. મામલામાં ઝઘડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. સ્થાનિક પોલીસ તેમજ સાયબર ક્રાઈમની ટીમ દ્વારા મામલામાં તપાસ શરૂ કરતાં ન્યૂડ કોલ કરનાર પંજાબનો હોવાનું માલુમ પડતાં ટીમે પંજાબના ફિરોજપુરથી ન્યૂડ કોલ કરનારા નશેડીને ઝડપી પાડી ભરૂચ લઈ આવી હતી. ભરૂચ જિલ્લામાં ફરજ બજાવતી આંગણવાડી બહેનો છેલ્લા એક પખવાડિયા ઉપરાંતથી માનસિક તાણમાંથી પસાર થઈ રહી હતી. સરકાર દ્વારા આપવામાં આવેલાં તેમના મોબાઈલ નંબર પર કોઈ શખ્સ દ્વારા ન્યૂડ કોલ કરવામાં આવી રહ્યાં હતાં. માનસિક વિકૃત શખ્સ સવારે, બપોરે અથવા તો રાત્રે-મધરાત્રે આંગણવાડી બહેનોને અશ્લિલ ફોન કરતો હોવાને કારણે તેઓ ગભરાઈ ગઈ હતી. એક પછી એક જિલ્લાની ૫૦થી વધુ આંગણવાડી બહેનો આ શખ્સની વિકૃત માનસિકતાનો શિકાર બની હતી. જેના પગલે તેઓ કોઈ અજાણ્યા નંબર પરથી ફોન આવે તો ફોન ઉપાડવાથી પણ ડરી રહી હતી. ઘટનાને લઈને તેમણે ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ કરી હતી. એક આંગણવાડી બહેને ઝઘડિયા પોલીસ મથકે સમગ્ર ઘટનાની ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે સ્થાનિક પોલીસ સહિત સાયબર ક્રાઈમની ટીમે ટેક્નિકલ સર્વેલન્સના આધારે તપાસ શરૂ કરતાં તેમના મોબાઈલ પર આવતાં ન્યૂડ વિડિયો કોલ પંજાબથી આવતાં હોવાનું માલુમ પડ્યું હતું. જેના પગલે એક ટીમે તુરંત પંજાબ રવાના થઈ પંજાબના ફિરોજપુર ખાતેથી ગુર્જિતસિંગ રાયસિંગ નામના શખ્સની ધરપકડ કરી હતી. પોલીસે તેને ભરૂચ લાવી તેના રિમાન્ડ મેળવવાની કવાયત હાથ ધરી છે.

## તમારા પતિએ બેન્કમાં નવ લાખ મુક્યા છે તેમ કહી ગઠીયા વિધવાના દાગીના તફડાવી ફરાર

(પ્રતિનિધિ) વડોદરા,તા.૧૨

છાણી વિસ્તારમાં એક વિધવાને બેન્ક ઓફિસર તરીકે ઓળખાણ આપી બે ગઠીયાએ સવા તોલા સોનાના દાગીના તફડાવી લીધા હોવાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. દુમાડ ગામમાં નવીનગરીમાં રહેતા મધુબેન બચુભાઈ ચાવડા (૬૫) એ પોલીસને કહ્યું છે કે, મારા પતિનું પેન્શન મહિને બેન્ક ઓફ બરોડામાં જમા થતું હોવાથી સોમવારે અગિયાર વાગે હું પાસબુકમાં એન્ટ્રી પડાવવા માટે રીક્ષામાં બેંકમાં ગઈ હતી. પરત ફરતી વખતે ડોક્ટરો ઉપાધ્યાયના દવાખાના પાસે રીક્ષાની રાહ જોતી હતી તે દરમિયાન બે યુવક આવ્યા હતા. જેમાંથી એક જણાએ મને કહ્યું હતું કે અમે બેંકના ઓફિસર છીએ. તમારા પતિ બેંકમાં ૯ લાખ મુકેલા છે જેમાંથી શરૂઆતમાં તમને અઢી લાખ રૂપિયા મળશે. આ માટે ફોર્મ ભરવું પડશે અને ફોટો આપવો પડશે. બંને ઠગે છાણી તળાવ પાસે ફોટો પાડ્યો હતો. ત્યારબાદ તેમણે કહ્યું હતું કે અહીં ફોટો સારો આવતો નથી કમાટીબાગ જવું પડશે. જેથી અમે રિક્ષામાં કમાટીબાગ ગયા હતા અને ત્યાં ફોટો પડાવ્યો હતો. આ વખતે બીજા ઠગે ફોટામાં દાગીના આવવા ના જોઈએ તેમ કહી કાનમાં પહેરેલા નખલીઓ, બુટ્ટી અને કોકરવા જેવા સવા તોલાના દાગીના કાઢી લીધા હતા. ત્યારબાદ મને ફરી બેન્કમાં લઈ જવામાં આવી હતી અને ત્યાં ફોર્મ પર સહી સિક્કા કરીને આવું છું તેમ કહી ગઠિયો દાગીના લઈને ફરાર થઈ ગયો હતો. છાણી પોલીસે મધુબેન ચાવડાની ફરિયાદના આધારે સવા તોલાના ૫૦,૦૦૦ના દાગીના તફડાવી જનાર બન્ને ઠગ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ભારતના સૌથી મૂલ્યવાન પ્રથમ પેઢીના વ્યવસાયિકોમાં ગૌતમ અદાણી સતત બીજા વર્ષે મોખરે

ઉદ્યોગ સાહસિક કૌશલ્ય અને નાણાકીય કુશળતાની બાબતમાં અદાણી પરિવાર ફરી એકવાર મોખરે રહ્યો છે. ૨૦૨૫ બાર્કલેઝ પ્રાઈવેટ ક્લાયન્ટ્સ હુરૂન ઇન્ડિયા મોસ્ટ વેલ્યુએબલ ફેમિલી બિઝનેસની યાદીમાં સતત બીજા વર્ષે અદાણી ફેમિલીએ ટોચનું સ્થાન મેળવ્યું છે. અદાણી પરિવાર ૨૦ મોસ્ટ વેલ્યુએબલ ફર્સ્ટ-જનરેશન ઇન્ડિયન ફેમિલી બિઝનેસની યાદીમાં શિખરે છે. ભારતના સૌથી મૂલ્યવાન પ્રથમ પેઢીના કૌટુંબિક વ્યવસાય તરીકે અદાણી પરિવારે તાજ અકબંધ રાખ્યો છે. ઉદ્યોગપતિ ગૌતમ અદાણીના નેતૃત્વમાં પરિવારના સમૂહનું મૂલ્યાંકન ૧૪ લાખ કરોડ રૂપિયા આંકવામાં આવ્યું છે. જેમાં અદાણી એન્ટરપ્રાઇઝ, અદાણી પોર્ટ્સ અને અન્ય જૂથ કંપનીઓના સમૂહને



આવરી લેવામાં આવી છે. અદાણી પરિવારે ફરી એકવાર બેન્ચમાર્ક સ્થાપિત કર્યા પછી, ભારતના પ્રથમ પેઢીના કૌટુંબિક વ્યવસાયો રાષ્ટ્ર માટે આર્થિક ગતિશીલતા અને વારસો આગળ ધપાવવા નવા યુગની શરૂઆત કરી રહ્યા છે. જેનાથી તે ભારતનો સૌથી મૂલ્યવાન ફર્સ્ટ-જનરેશન બિઝનેસ બને છે. ૨૦૨૫ બાર્કલેઝ પ્રાઈવેટ ક્લાયન્ટ્સ હુરૂન ઇન્ડિયા મોસ્ટ વેલ્યુએબલ ફેમિલી બિઝનેસ લિસ્ટમાં પ્રથમ પેઢીના એવા ઉદ્યોગસાહસિકોનો સમાવેશ થાય છે જેમણે બિલ્ડ બિઝનેસ એમ્પાયર બનાવ્યા છે. આ યાદીમાં દ્વિતીય સ્થાને પૂનાવાલા પરિવાર છે, જેનું નેતૃત્વ સીરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાનું સંચાલન કરતા સાયરસ પૂનાવાલા કરે છે. તેમના બિઝનેસનું મૂલ્ય ૨.૩ લાખ કરોડ રૂપિયા છે. ત્યારબાદ દિવી પરિવારના મુરલી કે. દિવી, જેમની ફાર્માસ્યુટિકલ કંપની દિવી'સ લેબોરેટરીઝનું મૂલ્ય ૧.૮ લાખ કરોડ રૂપિયા છે. ટોચના ત્રણ કૌટુંબિક વ્યવસાયોનું મૂલ્ય ૪૭૧ બિલિયન અથવા રૂ. ૪૦.૪ લાખ કરોડ આંકવામાં આવ્યું છે. આ સંયુક્ત મૂલ્ય રૂ. ૪.૬ લાખ કરોડ વધ્યું છે, જે રસપ્રદ રીતે ફિલિપાઇન્સના GDP જેટલું છે.


**SAYAJI HOTELS (PUNE) LIMITED**

CIN : L55204GJ2018PLC161133

**Regd. Office :** Near Kala Ghoda Circle, Sayajiganj, Vadodara, Gujarat-390020 IN

Tel. No.: 0731-4006666 | Email Id : cs@shplpune.com | Website : www.shplpune.com

**Extract of Unaudited Standalone and Consolidated Financial Results for the Quarter ended 30th June, 2025**

(₹ in Lakhs except figures of EPS)

| S. No. | Particulars | Standalone | | | Consolidated | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter Ended 30.06.2025 (Unaudited) | Quarter Ended 30.06.2024 (Unaudited) | Year Ended 31.03.2025 (Audited) | Quarter Ended 30.06.2025 (Unaudited) | Quarter Ended 30.06.2024 (Unaudited) | Year Ended 31.03.2025 (Audited) |
| 1 | Total Income from Operation (Net) | 1917.67 | 1721.30 | 7,769.42 | 1,916.55 | 1,720.63 | 7,727.16 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and / or Extraordinary items) | 638.08 | 518.05 | 2,364.01 | 636.34 | 516.94 | 2,300.79 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and / or Extraordinary items) | 638.08 | 518.05 | 2,364.01 | 636.34 | 516.94 | 2,300.79 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and / or Extraordinary items) | 461.96 | 373.17 | 1,761.97 | 457.57 | 365.27 | 1,694.72 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 460.36 | 371.77 | 1,755.57 | 455.97 | 363.87 | 1,688.32 |
| 6 | Equity Share Capital | 304.66 | 304.66 | 304.66 | 304.66 | 304.66 | 304.66 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | - | - | - | - | - | - |
| 8 | Earnings Per Share (of ₹ 10/-each) (for continuing & discontinued operations) Basic: Diluted: | 15.16 15.16 | 12.25 12.25 | 57.83 57.83 | 15.02 15.02 | 11.99 11.99 | 55.63 55.63 |

**Note:** The above is an extract of the detailed format of Financial Results for the Quarter ended 30th June, 2025 filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Financial Results for the Quarter ended 30th June, 2025 are available on the website of Stock Exchange at **www.bseindia.com** and Company's website at **www.shplpune.com** and the same can be accessed by scanning the QR Code attached below.

Place : **Indore,** Date : **12.08.2025**

By the Order of the Board
For **Sayaji Hotels (Pune) Limited**
Sd/-
**Abhay Chintaman Chaudhari**
Chairman